The New Cabinet of Narendra Modi

Prime Minister Narendra Modi expanded his team on Sunday by appointing 21 new ministers, four of them in the Cabinet and three others as ministers of state with independent charge.

Prime Minister Narendra Modi: Personnel, Public Grievances and Pensions; Department of Atomic Energy Department of Space; All important policy issues and all other portfolios not allocated to any Minister

CABINET MINISTERS

- **Rajnath Singh:** Home Affairs
- **Sushma Swaraj:** External Affairs, Overseas Indian Affairs
- **Arun Jaitley :** Finance, Corporate Affairs, Information & Broadcasting
- **M. Venkaiah Naidu:** Urban Development, Housing and Urban Poverty Alleviation, Parliamentary Affairs
- **Nitin Gadkari:** Road Transport and Highways, Shipping
- **Manohar Parrikar:** Defence
- **Suresh Prabhu:** Railways
- **D.V. Sadananda Gowda:** Law & Justice
- **Uma Bharati:** Water Resources, River Development and Ganga Rejuvenation
- **Dr. Najma A. Heptulla:** Minority Affairs
- **Ramvilas Paswan:** Consumer Affairs, Food and Public Distribution
- **Kalraj Mishra:** Micro, Small and Medium Enterprises
- **Maneka Gandhi:** Women and Child Development
- **Ananthkumar:** Chemicals and Fertilizers
- **Ravi Shankar Prasad:** Communications and Information Technology
- **Jagat Prakash Nadda:** Health & Family Welfare
- **Ashok Gajapathi Raju:** Civil Aviation
- **Anant Geete:** Heavy Industries and Public Enterprises
- **Harsimrat Kaur Badal:** Food Processing Industries

www.mangujarat.in

- **Narendra Singh Tomar:** Mines, Steel
- **Chaudhary Birender Singh:** Rural Development, Panchayati Raj, Drinking Water and Sanitation
- **Jual Oram:** Tribal Affairs
- **Radha Mohan Singh:** Agriculture
- **Thaawar Chand Gehlot:** Social Justice and Empowerment
- **Smriti Irani:** Human Resource Development
- **Dr. Harsh Vardhan:** Science and Technology, Earth Sciences

MINISTERS OF STATE (Independent Charge)

- **General V.K. Singh:** Statistics and Programme Implementation (Independent Charge), External Affairs, Overseas Indian Affairs
- **Inderjit Singh Rao:** Planning (Independent Charge), Defence
- **Santosh Kumar Gangwar:** Textiles (Independent Charge)
- **Bandaru Dattatreya:** Labour and Employment (Independent Charge)
- **Rajiv Pratap Rudy:** Skill Development & Entrepreneurship (Independent Charge), Parliamentary Affairs
- **Shripad Yesso Naik:** AAYUSH (Independent Charge), Health & Family Welfare
- **Dharmendra Pradhan:** Petroleum and Natural Gas (Independent Charge)
- **Sarbananda Sonowal:** Youth Affairs and Sports (Independent Charge)
- **Prakash Javadekar:** Environment, Forest and Climate Change (Independent Charge)
- **Piyush Goyal:** Power (Independent Charge), Coal (Independent Charge), New and Renewable Energy (Independent Charge)
- **Jitendra Singh:** Development of North Eastern Region (Independent Charge), Prime Minister’s Office, Personnel, Public Grievances & Pensions, Department of Atomic Energy, Department of Space
- **Nirmala Sitharaman:** Commerce and Industry (Independent Charge)

www.marugujarat.in

- **Dr. Mahesh Sharma:** Culture (Independent Charge), Tourism (Independent Charge), Civil Aviation

MINISTERS OF STATE

- **Mukhtar Abbas Naqvi:** Minority Affairs, Parliamentary Affairs
- **Ram Kripal Yadav:** Drinking Water & Sanitation
- **Haribhai Parthibhai Chaudhary:** Home Affairs
- **Sanwar Lal Jat:** Water Resources, River Development & Ganga Rejuvenation
- **Mohanbhai Kalyanjibhai Kundariya:** Agriculture
- **Giriraj Singh:** Micro, Small & Medium Enterprises
- **Hansraj Gangaram Ahir:** Chemicals & Fertilizers
- **G.M. Siddeshwara:** Heavy Industries & Public Enterprises
- **Manoj Sinha:** Railways
- **Nihalchand:** Panchayati Raj
- **Upendra Kushwaha:** Human Resource Development
- **Radhakrishnan P.**: Road Transport & Highways, Shipping
- **Kiren Rijiju:** Home Affairs
- **Krishan Pal:** Social Justice & Empowerment
- **Dr. Sanjeev Kumar Balyan:** Agriculture
- **Manuskhbhai Dhanjibhai Vasava:** Tribal Affairs
- **Raosaheb Dadarao Danve:** Consumer Affairs, Food and Public Distribution
- **Vishnu Deo Sai:** Mines, Steel
- **Sudarshan Bhagat:** Rural Development
- **Prof. (Dr.) Ram Shankar Katheria:** Human Resource Development
- **Y.S. Chowdary:** Science and Technology, Earth Science
- **Jayant Sinha:** Finance
- **Col. Rajyavardhan Singh Rathore:** Information & Broadcasting
- **Babul Supriyo:** Urban Development, Housing and Urban Poverty Alleviation
- **Sadhvi Niranjan Jyoti:** Food Processing Industries
- **Vijay Sampla:** Social Justice & Empowerment

www.marugujarat.in

વિસ્તરણની સાથે-સાથે...

શિવસેના-ભાજપના ગજગ્રાહનું કારણ બનેલા પ્રભુ ગુડ બુકમાં

કેન્દ્રીય પ્રધાનમંડળમાં સુરેશ પ્રભુના સમાવેશને પગલે એકજૂથ થવાનો પ્રયાસ કરી રહેલા ભૂતપૂર્વ સાથીદારો ભાજપ અને શિવસેના વચ્ચેના ગજગ્રાહમાં વધારો થયો છે. મોદી સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે જોડાયેલા સુરેશ પ્રભુએ રવિવારે સવારે જ શિવસેનામાંથી રાજીનામું આપી દીધું હતું અને ભાજપમાં જોડાઈ ગયા હતા. તે અગાઉ શિવસેના સુપ્રીમો ઉદ્ધવ ઠાકરેએ ચેતવણી આપી હતી કે જો પ્રભુને કેબિનેટમાં સમાવવામાં આવશે તો તે શિવસેનાના ક્વોટાનો હિસ્સો નહીં હોય. અટલ બિહારી વાજપેયીની સરકારમાં વીજળી મંત્રાલયમાં ઉમદા કામગીરી માટે પ્રશંસા મેળવનારા સુરેશ પ્રભુ વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. કોંકણ પ્રદેશમાંથી આવતાં નેતા ઘણા સમયથી મોદીની નજરમાં હતા. તેથી જ તેમણે શિવસેનાની નારાજગી વહોરીને પણ મંત્રીમંડળમાં સ્થાન આપ્યું છે. ભાજપ સુરેશ પ્રભુને પણ રાજ્યસભામાં સાંસદ તરીકે લઈ જશે. સુરેશ પ્રભુ કોંકણની રાજાપુર લોકસભા બેઠક પરથી ૧૯૯૬થી ૨૦૦૯ દરમિયાન ચાર વાર સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

એક સમયના પ્લમ્બર વિજય સામ્પલા કેન્દ્રમાં મંત્રી !

એક જમાનામાં લોકોના ઘરોમાં પ્લમ્બર તરીકે કામ કરનાર વિજય સામ્પલાએ રવિવારે કેન્દ્ર ખાતેની નરેન્દ્ર મોદી સરકારમાં મંત્રી તરીકેના શપથ લઈ જીવનમાં નવી ઊંચાઈ પ્રાપ્ત કરી હતી. ૨૦૧૭માં પંજાબમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં દલિત સમુદાયને રિઝવવાના આશયથી દલિત નેતા વિજય સામ્પલાને પ્રધાનમંડળમાં સમાવાયા હોવાનું માનવામાં આવી રહ્યું છે. પ્રથમ જ વાર લોકસભામાં ચૂંટાઈ આવેલા સામ્પલા હરસિમરતકૌર બાદલ પછી પંજાબમાંથી પસંદ કરાયેલા બીજા પ્રધાન છે. સામ્પલા હોંશિયારપુર બેઠક પરથી ચૂંટાયા હતા. મેટ્રિક સુધીનો અભ્યાસ કરનાર સામ્પલા ખાડી દેશમાં પ્લમ્બર તરીકે નોકરી કરતા હતા. ત્યારબાદ તેમણે પંજાબમાં પોતાનો બિઝનેસ શરૂ કર્યો હતો. પોતાના ગામના સરપંચ ચૂંટાયા પછી સામ્પલાએ રાજકીય કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો.

વિવાદાસ્પદ ગિરિરાજસિંહ ટીમ મોદીમાં સમાવાયા

રવિવારે કેન્દ્રીય પ્રધાનમંડળમાં રાજ્યકક્ષાના મંત્રી તરીકે શપથ ગ્રહણ કરનાર બિહાર ભાજપના કદાવર નેતા ગિરિરાજસિંહ હંમેશાં વિવાદોમાં રહ્યાં છે. ઉશ્કેરણીજનક ભાષણો માટે તેમના વિરુદ્ધ ફોજદારી આરોપો મૂકાયાં છે અને હાલ તેઓ જામીન પર મુક્ત છે. ગિરિરાજસિંહ બિહારના નવાદાથી પહેલીવાર લોકસભામાં ચૂંટાયા છે. લોકસભાની ચૂંટણી અગાઉ બિહારમાં એક ચંટણી સભાને સંબોધન કરતાં ગિરિરાજે જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી વડાપ્રધાન બની જાય ત્યારબાદ તેમના ટીકાકારોને પાકિસ્તાનમાં હાંકી કાઢવામાં આવશે. ગિરિરાજ દ્વારા કેટલીક મુસ્લિમ વિરોધી ટિપ્પણીઓ કરાઈ હતી જેના કારણે વિકાસ અને અર્થતંત્ર સુધારણા પર કેન્દ્રિત ચૂંટણી પ્રચાર કરી રહેલા નરેન્દ્ર મોદીને વિનંતી કરવાની ફરજ પડી હતી. મોદીએ જણાવ્યું હતું કે ભાજપના શુભેચ્છકો હોવાનો દાવો કરતા લોકો દ્વારા કરાતા આ પ્રકારના નિવેદનો પ્રચારને તેના મૂળ મુદ્દાથી ભટકાવી રહ્યાં છે. મોદીએ ગિરિરાજના નિવેદનોને વખોડી કાઢી ભાજપના નેતાઓને આ પ્રકારના નિવેદનોથી દૂર રહેવા અપીલ કરી હતી. આગામી થોડા મહિના બાદ આવી રહેલી બિહાર વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગિરિરાજને મંત્રીમંડળમાં સ્થાન અપાયું છે. ગિરિરાજના ઘરમાંથી ચોરી કરવાનો દાવો કરતાં ચોરો પાસેથી રૂપિયા બે કરોડની રોકડ મળી આવતાં પણ વિવાદ સર્જાયો હતો.

રાજસ્થાન અને ગુજરાતમાંથી બે મંત્રીઓને સમાવાયા

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના મંત્રીમંડળમાં ગુજરાત અને રાજસ્થાનમાંથી ૨ નેતાઓને મંત્રીમંડળમાં સ્થાન આપ્યું છે. ગુજરાતમાંથી મોહન કુંડારિયા અને હરિભાઈ ચૌધરીને સ્થાન આપવામાં આવ્યું છે. આ સાથે જ રાજસ્થાનમાંથી ભંવરલાલ જાટ અને રાજ્યવર્ધનસિંહ રાઠોડને સમાવાયા છે. તો પશ્ચિમ બંગાળમાંથી મોદી મંત્રીમંડળમાં પ્રથમવાર પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે. આસનસોલથી ભાજપના સાંસદ બાબુલ સુપ્રીયોને રાજ્યમંત્રી બનાવાયા છે. જો કે, ઉત્તરાખંડમાંથી આ વખતે પણ કોઈને પ્રતિનિધિત્વ મળી શક્યું નથી.

બિહારમાંથી 3 અને યુપીમાંથી ૪ મંત્રીને લેવામાં આવ્યા

આગામી વર્ષે બિહાર અને ૨૦૧૭માં ઉત્તર પ્રદેશમાં થવા જઈ રહેલી વિધાનસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખતા આ બંને રાજ્યોમાંથી કુલ સાત મંત્રીઓને મંત્રીમંડળમાં સ્થાન આપવામાં આવ્યું છે. બિહારમાંથી ત્રણ અને ઉત્તર પ્રદેશમાંથી ૪ મંત્રી બનાવાયા છે. બિહારમાંથી ગિરિરાજ સિંહ, રામકૃપાલ યાદવ અને રાજીવ પ્રતાપ રૂડીનો સમાવેશ થાય છે, જ્યારે ઉત્તર પ્રદેશમાંથી ડૉ. મહેશ શર્મા, સાધ્વી નિરંજન જ્યોતિ, મુખ્તાર અબ્બાસ નકવી અને રામશંકરનો સમાવેશ થાય છે. નવા મંત્રીઓમાં સાધ્વી નિરંજન જ્યોતિ એકમાત્ર મહિલા છે.

સંગીતકાર અને એક સ્પોર્ટ્સમેનનો પણ સમાવેશ

મોદીએ મંત્રીમંડળમાં સંગીતકાર બાબુ સુપ્રિયોનો પણ સમાવેશ કર્યો છે, જોકે તેઓ રાજકારણમાં કે મંત્રી પદ સંભાળવામાં બહુ મોટો અનુભવ ધરાવતા નથી, જ્યારે આવો જ અન્ય એક ચહેરો રાજ્યવર્ધનસિંહ રાઠોડનો છે, જેઓ એક સ્પોર્ટ્સમેન છે. સુપ્રિયોને કેબિનેટમાં સ્થાન આપવામાં આવ્યું છે જેનું કારણ પ. બંગાળમાં આગામી દિવસોમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીઓ માનવામાં આવે છે. બાબુ સુપ્રિયોને પસંદ કરીને ભાજપે પ. બંગાળ પર પોતાનું પ્રભુત્વ વધારવાનો પણ પ્રયાસ કર્યો છે.

કેબિનેટ મંત્રીઓ

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શિવસેના અને કોંગ્રેસના બોયકોટ વચ્ચે રવિવારના રોજ પોતાના મંત્રીમંડળનો વિસ્તાર કર્યો. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત ભવ્ય સમારોહમાં નવા સમાવિષ્ટ મંત્રીઓને પદ અને ગુપ્તતાના શપથ અપાવ્યા હતા. કેબિનેટનું વિસ્તરણ અનુમાનો મુજબ જ રહ્યું હતું. મોદી મંત્રીમંડળમાં ૪ કેબિનેટ મંત્રી, ૩ રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) અને ૧૪ રાજ્યમંત્રીઓ સહિત કુલ ૨૧ મંત્રીઓએ શપથગ્રહણ કર્યા હતા.

મનોહર પારિકર

ગોવાના પૂર્વ મુખ્યમંત્રી ૫૮ વર્ષીય મનોહર પારિકરે કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા. આઈઆઈટી મુંબઈ ખાતેથી મેટલર્જિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરનાર પારિકર પ્રામાણિકતા અને સાદગી માટે જાણીતા છે. જાતે જ પોતાની બ્રિફકેસ ઉઠાવતા અને સુરક્ષા વિના જ પ્રવાસ કરતા પારિકરને આમ આદમીના મુખ્યમંત્રીનું બિરુદ મળ્યું હતું. વહીવટી કુશળતા માટે જાણીતા પારિકરને કેબિનેટમાં મહત્ત્વનું મંત્રાલય અપાવાની સંભાવના છે.

પસંદગી કેમ : ઇમાનદાર અને લો પ્રોફાઇલ નેતા, પારિકર મહત્ત્વના મંત્રાલય માટે યોગ્ય ઉમેદવાર છે. તે ઉપરાંત મોદીના ચુસ્ત સમર્થક હોવાની પણ છાપ ધરાવે છે. મોદી માટે તેમણે અડવાણી સામે પણ મોરચો માંડી દીધો હતો.

સુરેશ પ્રભુ

એનડીએની પ્રથમ સરકારમાં ઉદ્યોગ, ઊર્જા અને પર્યાવરણ મંત્રી રહી ચૂકેલા સુરેશ પ્રભુ બેંકર અને ક્ષેત્રગત સુધારા માટે ખ્યાતિ પ્રાપ્ત છે. શિવસેના સાથે છેડો ફાડી ભાજપમાં જોડાઈ ગયેલા પ્રભુ ક્લાઈમેટ ચેન્જ અને ઈકોનોમીની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે પણ જોડાયેલા છે. કાયદાશાસ્ત્રમાં સ્નાતક પ્રભુએ જર્મનીમાંથી ક્લાઈમેટ ચેન્જ પર પીએચડીની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. તેઓ આર્થિક વિકાસ અને પર્યાવરણની જાળવણી વચ્ચે સંતુલન જાળવવાના સ્પષ્ટ હિમાયતી છે.

પસંદગી કેમ : પ્રભુ અટલ બિહારી વાજપેયીની સરકારમાં ઉદ્યોગ, પર્યાવરણ અને ઊર્જા મંત્રાલયોમાં કામનો અનુભવ ધરાવે છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પ્રભુ આર્થિક બાબતોના નિષ્ણાત છે. તેઓ વીજળી ક્ષેત્રના ખાનગીકરણના કટ્ટર હિમાયતી રહ્યાં છે.

જગત પ્રકાશ નડ્ડા

મૂળ બિહારના વતની નડ્ડાએ હિમાચલપ્રદેશથી રાજકીય જીવનની શરૂઆત કરી. રાજ્ય વિધાનસભામાં ચૂંટાઈ આવેલા સૌથી યુવા ધારાસભ્યોમાં તેમનો સમાવેશ થયો હતો. લોકસભાની ચૂંટણી બાદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની હોડમાં અમિત શાહ સામે તેમને પીછેહઠ કરવી પડી હતી. ૧૯૭૭માં કટોકટી દરમિયાન તેઓ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના સેક્રેટરી રહી ચૂક્યા છે. તેઓ પોતાને સંઘનો શિસ્તબદ્ધ સૈનિક ગણાવે છે.

પસંદગી કેમ : મોદી અને અમિત શાહના અત્યંત નજીક મનાતા જે પી નડ્ડા પાર્ટીના મહાસચિવ તરીકે રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના વ્યૂહરચનાકારો પૈકીના એક મનાય છે. તેઓ સંઘની પણ ઘણા નજીક છે. તેઓ વર્ષોથી પક્ષના વફાદાર પણ રહ્યા છે.



બિરેન્દ્રસિંહ

આજીવન કોંગ્રેસી રહેલા બિરેન્દ્રસિંહ ભુપિન્દરસિંહ હૂડાને હટાવવાની માગ ન સ્વીકારાતા ઓગસ્ટમાં હરિયાણા વિધાનસભા ચૂંટણી અગાઉ ભાજપમાં જોડાયા હતા. લાંબી રાજકીય કારકિર્દી દરમિયાન બિરેન્દ્રસિંહ ઉત્તરાખંડ અને હિમાચલપ્રદેશ સહિત સંખ્યાબંધ રાજ્યોમાં કોંગ્રેસ પ્રભારી તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. સંસદીય સમિતિઓમાં ચેરમેન તરીકે પણ સેવાઓ આપી છે. પ્રધાનમંડળમાં સ્થાન અપાશે તેવા ભાજપના વચન બાદ તેમણે કોંગ્રેસ છોડી હતી.

પસંદગી કેમ : હરિયાણામાં કોઇ જાટ નેતાને મુખ્યમંત્રી પદ ન અપાતા પાર્ટીને નુકસાન ન થાય તેમજ દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી જાટ મતદારોને આકર્ષિત કરવા કેબિનટમાં ચૌધરી બિરેન્દ્રસિંહને સ્થાન અપાયું છે.

વિધાનસભા ચૂંટણીઓ સર કરવા મોદી સેના સજ્જ

જ્ઞાતિવાદી સમીકરણોનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું : સંઘની છાપ પણ સ્પષ્ટપણે જોવા મળી

નવી દિલ્હી : રવિવારે કેન્દ્રીય પ્રધાનમંડળમાં સમાવાયેલા કેટલાક મંત્રીઓને તો જાણે કે લોટરી લાગી હતી. પહેલી જ વાર સંસદની ચૂંટણી લડીને લોકસભામાં પહોંચ્યા બાદ સીધા પ્રધાનમંડળમાં પહોંચી જનારામાં વિજય સામ્પલા, રાજ્યવર્ધનસિંહ રાઠોડ, જયંત સિન્હા, બાબુલ સુપ્રિયો, ગિરિરાજસિંહ અને ડૉ. મહેશ શર્માનો સમાવેશ થાય છે. તો બીજીતરફ ગોવાના મુખ્યપ્રધાન પદેથી રાજીનામું આપીને સીધા મંત્રીમંડળમાં પહોંચેલા મનોહર પારિકર તો હજી સાંસદ પણ નથી. વિજય સામ્પલા પંજાબથી, રાજ્યવર્ધનસિંહ રાઠોડ રાજસ્થાનથી, જયંત સિન્હા ઝારખંડથી, બાબુલ સુપ્રિયો પશ્ચિમ બંગાળથી, ગિરિરાજસિંહ બિહારથી અને મહેશ શર્મા ઉત્તર પ્રદેશથી પહેલીવાર લોકસભાની ચૂંટણી લડ્યા હતા અને વિજયી બન્યા હતા. રવિવારે કરાયેલા વિસ્તરણમાં તેમને સીધા મંત્રીમંડળમાં સમાવાતા જાણે કે લોટરી લાગી ગઈ હતી. મનોહર પારિકર હજી સાંસદ પણ બન્યા નથી તેથી ભાજપ તેમને ઉત્તર પ્રદેશમાંથી રાજ્યસભાના સાંસદ તરીકે ચૂંટી કાઢવાની તૈયારી કરી ચૂક્યો છે. રાજ્યવર્ધન અને બાબુલ સુપ્રિયોને તો રાજકારણ સાથે પણ કોઈ નાતો નથી. પોતાના ક્ષેત્રમાંથી તદ્દન અલગ ક્ષેત્રમાં ઝંપલાવી રહેલા આ બંને મંત્રીઓ હવે શાસનના ક્ષેત્રે હાથ અજમાવશે. આમ કેટલાક નવા ચહેરાઓ ઉમેરાયા છે. તો કેટલાક પીઢ નેતાઓને પણ સમાવામાં આવ્યા છે. જેમ કે ગિરીરાજસિંહ, બંદારુ દત્તાત્રેય, ડૉ. મહેશ શર્મા, બિરેન્દ્રસિંહ, હરિભાઈ ચૌધરી જેવા પીઢ નેતાઓ પણ કેબીનેટમાં સમાવાયા છે. આમ, મોદીએ યુવા અને વરિષ્ઠ બંને નેતાઓનું ધ્યાન પસંદગી કરવામાં રાખ્યું છે.

હવે મોદીના મંત્રીઓની સંખ્યા ૬૬

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જ્યારે શપથ ગૃહણ કર્યા હતા ત્યારે મોદી સહીત તેમના મંત્રીમંડળમાં ૪૬ પ્રધાનો હતા. હવે તેમાં ૨૧ નવા પ્રધાનો ઉમેરાતા મોદીના મંત્રી મંડળનું કદ વધીને ૬૬ સુધી પહોંચી ગયું છે. જોકે ગત યુપીએ સરકાર કરતા આ કદ હજુ પણ નાનુ છે, કેમ કે મે મહિનામાં યોજાયેલ ચૂંટણી અગાઉ યુપીએ સરકારમાં ૭૩ પ્રધાનો હતા.

૧૯ મંત્રીએ હિંદીમાં શપથ ગ્રહણ કર્યા

કેન્દ્રિય મંત્રીમંડળના શપથગ્રહણ સમારોહમાં હિંદીનું ચલણ રહ્યું હતું. કુલ ૨૧ મંત્રીઓમાંથી ૧૯ લોકોએ હિંદીમાં શપથ લીધા હતા તથા ૨ લોકોએ અંગ્રેજીમાં શપથ ગ્રહણ કર્યા હતા. પશ્ચિમ બંગાળના બાબુલ સુપ્રીયો અને તેલુગુ દેશમ પાર્ટીના વાય. એસ. ચૌધરીએ અંગ્રેજીમાં શપથ લીધા હતા. આ એવા બે રાજ્યો છે કે જ્યાં હિંદી અન્ય રાજ્ય કરતા ઉપયોગમાં ઓછું લેવાય છે.

રાજ્ય કક્ષાના મંત્રી (સ્વતંત્ર હવાલો)

રાજીવ પ્રતાપ રૂડી

૨૦૦૦માં રચાયેલી વાજપેયી સરકારમાં ૩૮ વર્ષે મંત્રીપદ મેળવાનાર રૂડી સૌથી યુવા મંત્રીઓ પૈકીના એક હતા. તેમને નાગરિક ઉડ્ડયન મંત્રાલય જેવું મહત્ત્વનું ખાતુ સોંપી દેવાયું હતું. પંજાબ યુનિવર્સિટીના સ્નાતક રૂડીએ મહારાષ્ટ્રમાં ભાજપના વિજયમાં સફળ ભુમિકા ભજવી હતી.

બંદારુ દત્તાત્રેય

વાજપેયી સરકારમાં મંત્રી રહી ચૂકેલા દત્તાત્રેય નવરચિત તેલંગણાના ભાજપ એકમના પ્રમુખ હતા. સંઘના કાર્યકર એવા દત્તાત્રેયે આંધ્રમાં ભાજપનો પાયો નાખ્યો હતો અને ઘણી સંસદીય સમિતિઓના અધ્યક્ષની ભૂમિકા બજવી ચૂક્યા છે. ૧૦મી લોકસભામાં પહેલીવાર તેઓ સાંસદ તરીકે ચૂંટાયા હતા.

ડૉ. મહેશ શર્મા

નોએડાના ગૌતમ બુદ્ધ નગરના સાંસદ મહેશ શર્મા વ્યવસાયે ડૉક્ટર છે. તેઓ દિલ્હીમાં ઘણી ચેરિટેબલ હોસ્પિટલોનું સંચાલન કરે છે. તેઓ લાંબા સમયથી સંઘ સાથે સંકળાયેલાં છે અને નોએડાના ધારાસભ્ય રહી ચૂક્યા છે.

રાજ્ય કક્ષાના મંત્રીઓ

હંસરાજ આહીર

મહારાષ્ટ્રની ચંદ્રપુર બેઠકના સાંસદ આહિરે કોલસા કૌભાંડ ઉઘાડ કરવામાં મહત્ત્વની ભુમિકા ભજવી હતી. સીવીસીને તેમણે લખેલા પત્રના કારણે જ કોલસા કૌભાંડમાં સીબીઆઇને તપાસ સોંપાઇ હતી. છેલ્લા ૧૫ વર્ષમાં સાંસદ તરીકે આહીરે સંસદમાં સંખ્યાબંધ પ્રાઇવેટ મેમ્બર બિલ રજૂ કર્યા હતા.

મુખ્તાર અબ્બાસ નકવી

લાંબા સમયથી ભાજપનો મુસ્લિમ ચહેરો બની રહેલા નકવી અગાઉ એનડીએ સરકારમાં માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી રહી ચૂક્યા છે. ૧૯૮૦માં જનતા પાર્ટીની ટિકિટ પર પહેલીવાર ચૂંટણી લડનાર નકવી ૧૯૯૮ની વાજપેયી સરકારના મંત્રી પણ હતા.

ગિરિરાજસિંહ

લોકસભાની ચૂંટણીના પ્રચારમાં મોદીના વિરોધીઓને પાકિસ્તાન ચાલ્યા જવાનું કહેનાર ગિરિરાજસિંહ પર ચૂંટણીપંચે નિયંત્રણો લાદ્યા બાદ રાષ્ટ્રીય રાજકારણમાં ગિરિરાજ ચમક્યા હતા. ચૂંટણી બાદ તેમના ઘરમાંથી ચોરાયેલી રૂપિયા બે કરોડની રોકડના મામલે પણ તેઓ વિવાદમાં ઘેરાયા હતા. ફાયરબ્રાન્ડ ભૂમિહાર નેતા ગિરિરાજ બિહારની જદયુ-ભાજપ ગઠબંધન સરકારમાં મંત્રી રહી ચૂક્યા છે.

રામકૃપાલ યાદવ

પાટલીપુત્રથી ટિકિટ આપવાનો ઇન્કાર કરતાં લાલુના સેનાપતિએ રાજદ સાથે છેડો ફાડી નાખ્યો હતો અને ભાજપની ટિકિટ પર લડી લાલુની પુત્રી મિસા ભારતીને પરાજિત કરી હતી. કાયદાના સ્નાતક રામકૃપાલ પટણાના ડેપ્યુટી મેયર રહી ચૂક્યા છે. સંસદના બંને ગૃહોમાં ધાંધલ મચાવવા માટે જાણીતા યાદવ બિહારના પછાત સમુદાયોમાં ઘણા લોકપ્રિય છે.

બાબુલ સુપ્રિયો

બાબા રામદેવ સંગીતકાર બાબુલ સુપ્રિયોને રાજકારણમાં લઇ આવ્યા હતા. પ.બંગાળના લોકપ્રિય ગાયકને મંત્રી બનાવવાથી પ.બંગાળને પ્રતિનિધિત્વ મળ્યું છે. તેઓ રાજકારણ કરતા સંગીત દુનિયામાં વધુ કુશળ છે.

જયંત સિન્હા

કોર્પોરેટ ગવર્નન્સમાં અનુભવ ધરાવતા જયંત સિન્હા નાણા મંત્રાલયમાં ઘણું સારું યોગદાન આપશે તેવી આશા છે. તેમના પિતા યશવંત સિન્હા પણ કેન્દ્રીય નાણા મંત્રી રહી ચૂક્યા છે. જયંતે હાર્વર્ડમાંથી એમબીએ થયેલ છે.

સાંવરલાલ જાટ

સાંવરલાલ જાટે કોંગ્રેસના કદાવર નેતા સચિન પાયલોટને અજમેર બેઠક પર પરાજિત કર્યા હતા. રાજસ્થાનમાં રાજપૂત-જાટ મતોમાં સંતુલન માટે તેમને મંત્રી બનાવાયા છે. તેઓ રાજેના મંત્રીમંડળમાં રહી ચૂક્યા છે.

રામશંકર

આગ્રાથી બીજીવાર સાંસદ ચૂંટાયેલા રામશંકર વ્યવસાયે શિક્ષક હતા અને પાર્ટીના ભ્રષ્ટાચાર વિરોધી અભિયાનનો હિસ્સો રહી ચૂક્યા છે. ૧૫મી લોકસભામાં ઘણી સંસદીય સમિતિઓના સભ્ય તરીકે ફરજ બજાવી છે.

રાજ્યવર્ધનસિંહ રાઠોડ

રાજ્યવર્ધનસિંહ રાઠોડને કેબિનેટમાં સ્થાન આપ્યું છે. સેનાના પૂર્વ અધિકારી રાઠોડે ૨૦૦૪ની ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતી ૧૦૦ વર્ષના ઇતિહાસમાં પહેલીવાર ભારતને વ્યક્તિગત મેડલ અપાવ્યો હતો.

સાધ્વી નિરંજન જ્યોતિ

ઉત્તર પ્રદેશની ફતેહપુર બેઠકના સાંસદ સાધ્વી નિરંજન જ્યોતિ ટીમ મોદીના સૌપ્રથમ વિસ્તરણમાં સમાવાયેલા એકમાત્ર મહિલા મંત્રી છે. ૨૦૦૨ અને ૨૦૦૭ની વિધાનસભાની ચૂંટણીમાં હારી ગયા બાદ ૨૦૧૨માં રાજ્ય વિધાનસભામાં પ્રવેશ મેળવવામાં સફળ થયા હતા. જૂન મહિનામાં તેમના પર થયેલા હુમલામાં બચી ગયા હતા.

વિજય સામ્પલા

સાઉદી અરબમાં પ્લમ્બર તરીકે કામ કરી સ્વદેશ પરત ફરેલા વિજય સામ્પલાએ રાજકારણમાં ઝૂકાવ્યું હતું. સફળ બિઝનેસમેન સામ્પલા પંજાબમાં ભાજપ માટે દલિત ચહેરો સાબિત થઇ શકે છે. પહેલી જ વાર સાંસદ બનેલા સામ્પલાને મંત્રીપદ મળ્યું છે.

વાય એસ ચૌધરી

હૈદરાબાદના બિઝનેસમેન અને ટીડીપીના નેતા ચૌધરી વ્યવસાયે ઇજનેર છે. ૨૦૧૦માં સર્વસંમતિથી તેઓ રાજ્યસભામાં ચૂંટાઇ આવ્યા હતા.

હરિભાઇ ચૌધરી

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના કદાવર નેતા હરિભાઇ ચૌધરી લાંબી રાજકીય કારકિર્દી ધરાવે છે.

મોહન કુંડારિયા

ગુજરાતમાં પટેલ સમુદાયના શક્તિશાળી નેતા. સૌરાષ્ટ્રમાં ભારે વગદાર એવા કુંડારિયા મોદીની ગુજરાત સરકારમાં મંત્રી રહી ચૂક્યા છે.

મોદી કેબિનેટનું વિસ્તરણ : એક નજરે...

મે મહિનામાં કેન્દ્ર ખાતે મોદી સરકારની રચના બાદ પહેલી જ વાર પ્રધાનમંડળનું વિસ્તરણ કરાયું. કેન્દ્રીય કેબિનેટના પ્રારંભિક નાના કદને કારણે અપેક્ષાકૃત જ ટૂંક સમયમાં વિસ્તરણ હાથ ધરવાની મોદી સરકારને ફરજ પડી. રવિવારે કરાયેલા કેબિનેટ વિસ્તરણ દ્વારા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક કાંકરે કેટલા પક્ષી મારવાનો પ્રયાસ કર્યો છે અને દેશની જનતાને કેવો સંદેશો આપ્યો છે તેના પર એક નજર...

વરિષ્ઠ નેતાઓને સ્થાને કેટલીક કુશળ વ્યક્તિઓની પસંદગી

ગોવાના મુખ્યમંત્રી મનોહર પારિકરને કેબિનેટ મંત્રી બનવા ભાજપની કેન્દ્રીય નેતાગીરી દ્વારા આદેશ અપાયો ત્યારે જ વિસ્તરણનો ગણગણાટ શરૂ થઈ ગયો હતો. પ્રભુ અને જયંત સિન્હાના નામ પણ ચર્ચાવા લાગ્યા હતા. ત્રણેય હસ્તીઓને સમાવીને નરેન્દ્ર મોદીએ સંકેત આપ્યો છે કે તેઓ વરિષ્ઠતાને સ્થાને કુશળતા અને વહીવટી ક્ષમતાને વધુ મહત્ત્વ આપી રહ્યા છે. સ્પષ્ટ છે કે આ ત્રણેયને તેમની ટેલેન્ટે જ કેન્દ્રીય પ્રધાનમંડળે સ્થાન અપાવ્યું છે.

યોજાનારી વિધાનસભાની ચૂંટણીઓ પર પણ ધ્યાન રાખ્યું

બિહારમાં ચૂંટણી યોજાવાની હોવાથી બિહારના રાજીવ પ્રતાપ રૂડી, ગિરિરાજસિંહ અને રામકૃપાલ યાદવને પસંદ કરાયા છે. ઝારખંડમાં જયંત સિન્હાને પ્રતિનિધિત્વ અપાયું છે. રાજસ્થાનને ઓછો ક્વોટા અપાયો હોવાથી નારાજ વસંધરાને રાજી કરવા રાજ્યના બે નેતા રાજ્યવર્ધનસિંહ અને સાંવરલાલ જાટને સમાવાયા છે. પંજાબમાં વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી દલિત મતદારોન રીઝવવા વિજય સામ્પલાને સ્થાન અપાયું છે.

જ્ઞાતિના આધારે ચોક્કસ સમુદાયને પોતાના પક્ષે કરવાનો પાસો

બિરેન્દ્ર અને સાંવરલાલ જાટને સ્થાન આપીને જાટ સમુદાયના મતદારોનો વિશ્વાસ જીતવાનો પ્રયાસ કર્યો છે જેથી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં લાભ લઈ શકાય. બિહારના યાદવ નેતા રામકૃપાલને સમાવીને મોદીએ પછાત સમુદાયને પોતાના પક્ષે કરવાનો પાસો ફેંક્યો છે. પંજાબમાં દલિત વિજય સામ્પલાને મંત્રી બનાવી દલિત મતબેંકમાં સેંધ મારવાનો પ્રયાસ કર્યો છે. રાજસ્થાનના રાજ્યવર્ધનને સમાવી રાજપૂતોને આકર્ષ્યા છે.

ઘણા નવા મંત્રીઓના મૂળ આરએસએસ સાથે જોડાયેલા છે

મોદીના પ્રધાનમંડળના વિસ્તરણ પર સંઘની સ્પષ્ટ છાપ જોઈ શકાય છે. મનોહર પારિકર, જે પી નડ્ડા સહિતના ઘણા નવા મંત્રીના મૂળ આરએસએસમાં પડેલા છે. મનોહર પારિકર, જે પી નડ્ડા, મહેશ શર્મા, સાધ્વી નિરંજન જ્યોતિ, બંદારુ દત્તાત્રેય, હંસરાજ આહીર વગેરે સંખ્યાબંધ મંત્રીઓ સંઘ સાથે સીધો સંબંધ ધરાવે છે. જો કે ભાજપના મોટાભાગના નેતા સંઘમાંથી જ આવે છે.

મંત્રીમંડળમાં મહિલાઓની સંખ્યા આઠ થઈ

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નવા મંત્રીમંડળમાં ઉત્તર પ્રદેશનાં સાંસદ સાધ્વી નિરંજના જ્યોતિનો ઉમેરો થતાં મહિલા મંત્રીઓની સંખ્યા આઠ થઈ ગઈ છે.

ઉત્તર પ્રદેશની ફતેપુર લોકસભા સીટ પરથી સાધ્વી નિરંજના દેવી ભાજપ પક્ષ તરફથી ચૂંટણી લડીને જીતી ગયાં હતાં અને તેમને મોદીના મંત્રી મંડળમાં રાજ્યમંત્રી તરીકે સ્થાન મળ્યું છે. આ વર્ષે સરકાર બની તે સમયે ૭ મહિલાઓને મંત્રીપદમાં સ્થાન મળ્યું હતું જેમાં ૬ મહિલાઓ કેબિનેટમાં પ્રધાનો છે. વિદેશ પ્રધાન સુષમા સ્વરાજ, ઉમા ભારતી, નઝમા હેપતુલ્લા, મેનકા ગાંધી, હરસિમરત કૌર બાદલ તથા સ્મૃતિ ઈરાની હાલમાં કેબિનેટ કક્ષાના પ્રધાનો છે અને તેમના સિવાય નિર્મલા સિતારામન રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) છે. મંત્રીમંડળમાં સૌથી વધુ અને ઓછી ઉંમરના પ્રધાનોમાં માત્ર મહિલાઓ જ છે જેમાં નઝમા હેપતુલ